# ટોરેન્ટ પાવર લીમીટેડ

# ગુજરાત વિજનીયમન પંચ સમક્ષ,

**છઠ્ઠો માળ, ગીફ્ટ વન, રોડ ૫ સી, ઝોન ૫, ગીફ્ટ સીટી, ગાંધીનગર – ૩૮૨ ૩૫૫.**

## જાહેર નોટીસ

૧ ટોરેન્ટ પાવર લીમીટેડ (હવે પછી તેનો ઉલ્લેખ "ટીપીએલ–ડી" તરીકે કરાયો છે.) દ્વારા કેસ નંબર ૧૬૯૮/૨૦૧૮ હેઠળ નાંણાકીય વર્ષ ૨૦૧૬–૧૭ ના ટ્રુઇંગ અપ અને નાંણાકીય વર્ષ ૨૦૧૮–૧૯ માટે દહેજ સપ્લાય વિસ્તાર માટેના વીજ દર નિર્ધારણ માટેની અરજી દાખલ કરી છે.

૨ જીઇઆરસી (એમવાયટી) રેગ્યુલેશન, ૨૦૧૬ અનુસાર નાંણાકીય વર્ષ ૨૦૧૬–૧૭ માટે ટ્રુઇંગ અપ વાસ્તવિક આંકડાઓ મુજબ સુચીત કરવામાં આવેલ છે. દહેજ સપ્લાય વિસ્તાર માટે નાંણાંકીય વર્ષ ૨૦૧૮–૧૯ની મહેસુલી ખાધ/ (પુરાંત) ની ગણતરી જીઇઆરસી (એમવાયટી) રેગ્યુલેશન, ૨૦૧૬ અનુસાર નાંણાંકીય વર્ષ ૨૦૧૮–૧૯ માટે મંજુર કરેલ એઆરઆર અને હાલના વીજદરે મંજુર કરેલ વીજ વેચાણના આધારે અંદાજવામાં આવેલ આવક અનુસાર કરવામાં આવી છે.

3 નાંણાકીય વર્ષ ૨૦૧૮–૧૯નાં ટેરિફ્ નિર્ધારણ માટેની વ્યાજ ખર્ચ સહિતની સંચિત ખાધ રુ. ૩.૮૭ કરોડ થાય છે. ટીપીએલએ વીજ દરમાં સુધારા દ્વારા આ સમગ્ર ખાધની વસુલાત કરવા માટે દરખાસ્ત કરેલ છે.

૪ ટીપીએલ–ડીએ વીજદરના માળખામાં સુધારો કરવા માટે પણ દરખાસ્ત કરેલ છે. ટીપીએલ–ડીએ સુધારેલા વીજદરનો અમલ તા. ૧ એપ્રિલ, ૨૦૧૮ થી કરવાની દરખાસ્ત કરેલ છે. નાંણાકીય વર્ષ ૨૦૧૮–૧૯ માટેનું સુચીત વીજદર માળખું અહીં નીચે દર્શાવેલ છે.

### ટીપીએલ દહેજ એસઈઝેડ સપ્લાય વિસ્તાર માટેના સુચીત દરો

| ક્રમ | કેટેગરી | ફિક્સ્ડ ચાર્જ | એનર્જી ચાર્જ | |
|---|---|---|---|---|
| ૧. | **આરજીપી**<br>(રહેણાંકના કનેક્શન માટે<br>● સિંગલ ફેઝ સપ્લાય:<br>૬ કિલોવોટ સુધીના કુલ વીજભાર માટે)<br>● થ્રી ફેઝ સપ્લાય:<br>૬ કિલોવોટથી વધુના કુલ વીજભાર માટે) | **૨ કિલોવોટ સુધીના અને સહિતના કનેક્ટેડ લોડ માટે**<br>રૂા. ૧૦ પ્રતિ માસ<br>**૨ કિલોવોટથી વધુના અને ૪ કિલોવોટ સુધીના કનેક્ટેડ લોડ માટે**<br>રૂા. ૨૦ પ્રતિ માસ<br>**૪ કિલોવોટથી વધુના અને ૬ કિલો વોટ સુધીના કનેક્ટેડ લોડ માટે**<br>રૂા. ૩૫ પ્રતિ માસ<br>**૬ કિલોવોટથી વધુના કનેક્ટેડ લોડ માટે**<br>રૂા. ૫૦ પ્રતિ માસ | પ્રથમ ૫૦ યુનિટ | ૧૬૫ પૈસા/યુનિટ |
| | | | પછીના ૫૦ યુનિટ | ૧૯૫ પૈસા/યુનિટ |
| | | | પછીના ૧૫૦ યુનિટ | ૨૬૦ પૈસા/યુનિટ |
| | | | ૨૫૦ યુનિટથી વધુ માટે | ૩૫૦ પૈસા/યુનિટ |
| ૨. | **નોન-આરજીપી**<br>(અલગ કેટેગરીમાં આવરી લેવાયેલ ન હોય અને ૪૦ કિલોવોટ કે તેથી ઓછા વીજભારનાં હોય તેવા કનેકશન માટે) | **૧૦ કિલોવોટ સુધીના કનેક્ટેડ લોડ માટે**<br>રૂા. ૪૫ પ્રતિ કિલોવોટ પ્રતિ માસ<br>**૧૦ કિલોવોટથી વધુના અને ૪૦ કિલોવોટ સુધીના કનેક્ટેડ લોડ માટે**<br>રૂા. ૭૦ પ્રતિ કિલોવોટ પ્રતિ માસ | ૧૦ કિલોવોટ સુધીના કનેક્ટેડ લોડ માટે | ૨૬૫ પૈસા/યુનિટ |
| | | | ૧૦ કિલોવોટથી વધુના કનેક્ટેડ લોડ માટે | ૨૯૫ પૈસા/યુનિટ |
| 3. | **એલટીએમડી**<br>(અલગ કેટેગરીમાં આવરી લેવાયેલ ન હોય અને ૪૦ કિલોવોટથી વધુના અને ૧૦૦ કિલોવોટ સુધીના વીજભારના હોય તેવા કનેક્શન માટે. નોન-આરજીપી કેટેગરીમાં આવરી લેવાયેલ ગ્રાહકો જે નોન-આરજીપી કેટેગરીના વીજદર સિવાય પસંદ કરવા માંગતા હોય) | **કોન્ટ્રાક્ટ ડિમાન્ડ સુધીની બિલિંગ ડિમાન્ડ**<br>**પ્રથમ ૪૦ કિલોવોટ**<br>રૂા. ૮૦ પ્રતિ કિલોવોટ પ્રતિ માસ<br>**પછીના ૨૦ કિલોવોટ**<br>રૂા. ૧૧૫ પ્રતિ કિલોવોટ પ્રતિ માસ<br>**૬૦ કિલોવોટ થી વધુ**<br>રૂા. ૧૮૦ પ્રતિ કિલોવોટ પ્રતિ માસ<br>**કોન્ટ્રાક્ટ ડિમાન્ડ કરતાં વધુ બીલીંગ ડિમાન્ડ**<br>રૂા. ૨૨૫ પ્રતિ કિલોવોટ પ્રતિ માસ | સમગ્ર વપરાશ | ૩૦૦ પૈસા/યુનિટ |
| ૪. | **નોન-આરજીપી રાત્રી માટે**<br>(૪૦ કિલોવોટ સુધી વીજભારના હોય તેવા અને વીજળીનો વપરાશ માત્ર રાત્રિના ૨૨.૦૦ કલાકથી બીજા દિવસના ૦૬.૦૦ કલાક સુધી કરવા માંગતા ગ્રાહકો માટે (વીજ વપરાશના કલાકો ગ્રાહકે સ્વખર્ચે મુકેલ ટાઇમ સ્વિચ દ્વારા નિયંત્રીત કરાશે.)) | **ફીક્સ્ડ ચાર્જ** ઉપરની નોન-આરજીપી કેટેગરી (કોષ્ટકના ક્રમ ૨) પ્રમાણે | સમગ્ર વપરાશ | ૨૬૦ પૈસા/યુનિટ |
| ૫. | **એલટીએમડી રાત્રી માટે**<br>(૪૦ કિલોવોટથી વધુ વીજભારના હોય તેવા અને વીજળીનો વપરાશ માત્ર રાત્રિના ૨૨.૦૦ કલાકથી બીજા દિવસના ૦૬.૦૦ કલાક સુધી કરવા માંગતા ગ્રાહકો માટે (વીજ વપરાશના કલાકો ગ્રાહકે સ્વખર્ચે મુકેલ ટાઇમ સ્વિચ દ્વારા નિયંત્રીત કરાશે.)) | **ફીક્સ્ડ ચાર્જ** ઉપરની એલટીએમડી કેટેગરી (કોષ્ટકના ક્રમ ૩) પ્રમાણે | સમગ્ર વપરાશ | ૨૬૦ પૈસા/યુનિટ |
| ૬. | **ડબલ્યુડબલ્યુએસપી**<br>(પાણીકામ અને ગટર પમ્પિંગ સ્ટેશન હેતુસર વપરાતા કનેક્શન માટે) | રૂા. ૨૦ પ્રતિ એચપી | સમગ્ર વપરાશ | ૨૬૦ પૈસા/યુનિટ |
| ૭. | **એસએલ**<br>(રસ્તાને પ્રકાશીત કરવા માટેની લાઈટીંગ વ્યવસ્થા) | - | સમગ્ર વપરાશ | ૨૪૫ પૈસા/યુનિટ |
| ૮. | **ટેમ્પરરી સપ્લાય**<br>(લો વોલ્ટેજ પર હંગામી વીજ પુરવઠા) | રૂા. ૧૫ પ્રતિ કિલોવોટ પ્રતિ દિન | સમગ્ર વપરાશ | ૨૯૫ પૈસા/યુનિટ |
| ૯. | **એચટીપી-૧**<br>(અલગ એચટી કેટેગરીમાં આવરી લેવાયેલ ન હોય અને ૧૦૦ કેવીએ અને તેથી વધુના વીજભારના હોય તેવા કનેક્શન માટે) | **કોન્ટ્રાક્ટ ડિમાન્ડ સુધીની બિલિંગ ડિમાન્ડ**<br>**પ્રથમ ૫૦૦ કેવીએ**<br>રૂા. ૧૫૦ પ્રતિ કેવીએ પ્રતિ માસ<br>**પછીના ૫૦૦ કેવીએ**<br>રૂા. ૨૬૫ પ્રતિ કેવીએ પ્રતિ માસ<br>**૧૦૦૦ કેવીએથી વધુ**<br>રૂા. ૪૮૦ પ્રતિ કેવીએ પ્રતિ માસ<br>**કોન્ટ્રાક્ટ ડિમાન્ડ કરતાં વધુ બીલીંગ ડિમાન્ડ**<br>રૂા. ૫૫૦ પ્રતિ કેવીએ પ્રતિ માસ | ૫૦૦ કેવીએ સુધીની બિલીંગ ડિમાન્ડ | ૨૪૦ પૈસા/યુનિટ |
| | | | પછીની ૨૦૦૦ કેવીએની બિલીંગ ડિમાન્ડ સુધી | ૨૬૦ પૈસા/યુનિટ |
| | | | ૨૫૦૦ કેવીએથી વધુની બિલીંગ ડિમાન્ડ માટે | ૨૭૦ પૈસા/યુનિટ |
| | | **ટીઓયુ ચાર્જ** | બિલિંગ ડિમાન્ડ ૫૦૦ કેવીએ સુધી | ૩૫ પૈસા/યુનીટ |
| | | | બિલિંગ ડિમાન્ડ ૫૦૦ કેવીએથી વધુ | ૭૫ પૈસા/યુનીટ |
| ૧૦. | **એચટીપી-૨**<br>(પાણીકામ અને ગટર પમ્પિંગ સ્ટેશનો માટે ૧૦૦ કેવીએ અને તેથી વધુની કોન્ટ્રાક્ટ ડિમાન્ડ માટે) | **કોન્ટ્રાક્ટ ડિમાન્ડ સુધીની બિલિંગ ડિમાન્ડ**<br>**પ્રથમ ૫૦૦ કેવીએ**<br>રૂા. ૧૧૦ પ્રતિ કેવીએ પ્રતિ માસ<br>**પછીના ૫૦૦ કેવીએ**<br>રૂા. ૨૧૦ પ્રતિ કેવીએ પ્રતિ માસ<br>**૧૦૦૦ કેવીએથી વધુ**<br>રૂા. ૨૭૦ પ્રતિ કેવીએ પ્રતિ માસ<br>**કોન્ટ્રાક્ટ ડિમાન્ડ કરતાં વધુ બીલીંગ ડિમાન્ડ**<br>રૂા. ૩૫૫ પ્રતિ કેવીએ પ્રતિ માસ | ૫૦૦ કેવીએ સુધીની બિલીંગ ડિમાન્ડ | ૨૪૦ પૈસા/યુનિટ |
| | | | પછીની ૨૦૦૦ કેવીએની બિલીંગ ડિમાન્ડ સુધી | ૨૬૦ પૈસા/યુનિટ |
| | | | ૨૫૦૦ કેવીએથી વધુની બિલીંગ ડિમાન્ડ માટે | ૨૭૦ પૈસા/યુનિટ |
| | | **ટીઓયુ ચાર્જ** | બિલિંગ ડિમાન્ડ ૫૦૦ કેવીએ સુધી | ૩૫ પૈસા/યુનીટ |
| | | | બિલિંગ ડિમાન્ડ ૫૦૦ કેવીએથી વધુ | ૭૫ પૈસા/યુનીટ |
| ૧૧. | **એચટીપી-૩**<br>(હંગામી વીજ પુરવઠા માટે ૧૦૦ કેવીએ અને તેથી વધુની કોન્ટ્રાક્ટ ડિમાન્ડ જે ગ્રાહકો નિયમિતપણે ઉચિત કરારનામાં હેઠળ વીજ પુરવઠો નહી લેતા હોય તેમને હંગામી વીજ પુરવઠા હેઠળ ગણવામાં આવશે) | **કોન્ટ્રાક્ટ ડિમાન્ડ સુધીની બિલિંગ ડિમાન્ડ**<br>રૂા. ૫૨૦ પ્રતિ કેવીએ પ્રતિ માસ<br>**કોન્ટ્રાક્ટ ડિમાન્ડ કરતાં વધુ બીલીંગ ડિમાન્ડ**<br>રૂા. ૬૦૦ પ્રતિ કેવીએ પ્રતિ માસ | સમગ્ર વપરાશ | ૪૯૫ પૈસા/યુનિટ |
| | | **ટીઓયુ ચાર્જ - ૭૫ પૈસા/યુનીટ** | | |
| ૧૧. | **એચટીપી-૪**<br>(૧૦૦ કેવીએ અને તેથી વધુની કોન્ટ્રાક્ટ ડિમાન્ડ માટે અને વીજળીનો વપરાશ માત્ર રાત્રિના કલાકો દરમ્યાન ૨૨.૦૦ કલાકથી બીજા દિવસના ૦૬.૦૦ કલાક સુધી કરવા માંગતા એચટી ગ્રાહકો માટે) | **ફિક્સ્ડ ચાર્જ** ઉપરની એચટીપી–૧ કેટેગરી (કોષ્ટકના ક્રમ ૯) પ્રમાણે) | સમગ્ર વપરાશ | ૨૨૫ પૈસા/યુનિટ |

**નોંધઃ**

અ. બિલિંગ ડિમાન્ડ નીચે દર્શાવ્યામાંથી જે મહત્તમ હોય તે લેવામાં આવશે

- મહિના દરમ્યાન નોંધેલી વાસ્તવિક મહત્તમ ડિમાન્ડ અથવા
- કોન્ટ્રાકટ ડિમાન્ડ ના ૮૫ ટકા અથવા
- એચટીપી કેટેગરી માટે ૧૦૦ કેવીએ અને એલટીએમડી કેટેગરી માટે ૧૫ કિલોવોટ

બ. પાવર ફેકટર એડજસ્ટમેન્ટ ચાર્જીસ અને રિબેટ એચટીપી ૧, એચટીપી ૨, એચટીપી ૩ અને એચટીપી ૪ ને લાગુ પડશે.

- મહિના દરમ્યાન ૯૦%ની નીચે અને ૮૫% સુધીના સરેરાશ પાવર ફેક્ટરમાં આવતા પ્રત્યેક ૧%ના ઘટાડા માટે એચટીપી ૧, એચટીપી ૨, એચટીપી ૩ અને એચટીપી ૪ના સુચીત દરો મુજબ મહિનાના વીજબિલની કુલ રકમ ઉપર "એનર્જી ચાર્જીસ"ના મથાળા હેઠળ ૧%ના દરે પાવર ફેક્ટર એડજસ્ટમેન્ટ ચાર્જીસ લેવામાં આવશે
- ઉપરોક્ત જોગવાઇ ઉપરાંત, મહિના દરમ્યાન ૮૫%થી નીચેના સરેરાશ પાવર ફેક્ટરમાં આવતા પ્રત્યેક ૧%ના ઘટાડા માટે એચટીપી ૧, એચટીપી ૨, એચટીપી ૩ અને એચટીપી ૪ના સુચીત દરો મુજબ મહિનાના વીજ બિલની કુલ રકમ ઉપર "એનર્જી ચાર્જીસ" ના મથાળા હેઠળ ૨% ના દરે પાવર ફેક્ટર એડજસ્ટમેન્ટ ચાર્જીસ લેવામાં આવશે
- જો કોઇપણ મહિનામાં ગ્રાહકના ઇન્સ્ટોલેશનનો સરેરાશ પાવર ફેક્ટર ૯૫% કરતા વધુ હોય, તો મહિના દરમ્યાન ૯૫%થી વધુના સરેરાશ પાવર ફેક્ટરમાં આવતા પ્રત્યેક ૧%ના વધારા માટે મહિનાના વીજળી બિલની કુલ રકમ પર "એનર્જી ચાર્જીસ"ના મથાળા હેઠળ ૯૫% કરતા વધુના પાવર ફેક્ટર પર ૦.૫%ના દરે વળતર મેળવવા ગ્રાહક હકદાર રહેશે.

ક રિએક્ટિવ એનર્જી ચાર્જીસ (કેવીએઆરએચ યુનીટ) ૪૦ કેવીએથી વધુની કોન્ટ્રાક ડિમાન્ડ વાળા એલટીએમડી અને એલટીએમડી નાઇટ કેટેગરી ને લાગુ પડશે : ૧૦ પૈસા/કેવીએઆરએચ

ડ. ઇએચવી સપ્લાય માટે એનર્જી ચાર્જીસમાં મળવા પાત્ર વળતર એચટીપી ૧, એચટીપી ૨, એચટીપી ૩ અને એચટીપી ૪ કેટેગરી ને લાગુ પડશે

- ૩૩/૬૬ કેવીના સપ્લાય માટે : ૦.૫ ટકા
- ૧૩૨ કેવી અને તેથી વધુના સપ્લાય માટે : ૧ ટકા

ઇ. ટીઓયુ ચાર્જીસ એચટીપી ૧, એચટીપી ૨ અને એચટીપી ૩ ને નિશ્ચિત કલાકો દરમ્યાન વપરાશ માટે લાગુ પડશે.

ટીઓયુ ચાર્જીસ પીક અવર્સ દરમ્યાન વપરાશ માટે લાગુ પડે છે. ૦૭૦૦ કલાકથી ૧૧૦૦ કલાક અને ૧૮૦૦ કલાક થી ૨૨૦૦ કલાક

ઈ. રાત્રિ સમયના કન્શેશન ચાર્જીસ એચટીપી ૧ અને એચટીપી ૨ ને લાગુ પડશે.

રાત્રિના સમય દરમિયાન, ૨૨.૦૦ કલાકથી બીજા દિવસે ૦૬.૦૦ કલાક વચ્ચે થયેલ વીજવપરાશ, જેની નોંધ ટાઇમ સ્વિચ મારફતે ચાલતા ટેરિફ મીટર દ્વારા લેવામાં આવે છે, ૩૦ પૈસા પ્રતિ યુનિટ દરે રાહતને પાત્ર છે.

૫ **ઓપન એકસેસ ચાર્જીસઃ** ટીપીએલ-ડીએ ઓપન એકસેસ ગ્રાહકોને લાગુ પડતા વ્હીલિંગ ચાર્જીસ અને ક્રોસ સબસીડી સરચાર્જ નિર્ધારણ કરવા માટે દરખાસ્ત કરેલ છે.

**અરજીની નકલ પ્રાપ્ત કરવા માટેની જોગવાઇઃ**

૬ નિરીક્ષણ માટે અરજીની નકલો એજીએમ(ડીસ્ટ્રીબ્યુશન), ટોરેન્ટ પાવર લીમીટેડ, પ્લોટ નં. ઝેડ-૨૧, ૩૩ કેવી ટીપીએલ સબસ્ટેશન, દહેજ એસઇઝેડ, તા–વાગરા, જી–ભરુચની ઓફિસ ખાતે ઉપલબ્ધ છે. વધુમાં, અરજીની નકલ રુ. ૧૬૦/- રોકડેથી અથવા તો ટોરેન્ટ પાવર લીમીટેડની તરફેણના અને સુરત ખાતે ચૂકવી શકાય તેવા ડીમાન્ડ ડ્રાફ્ટ/પે ઓર્ડર દ્વારા ઉપરોક્ત સરનામેથી ખરીદી શકાશે. અરજીની નકલ ટપાલથી પ્રાપ્ત કરવા માટે, ટપાલ ખર્ચના રુ. ૫૦/- (રુપીયા પચાસ) વધુ ચુકવવાના રહેશે.

૭ ઉપરોક્ત અરજીની ઇલેક્ટ્રોનીક નકલ વેબસાઇટ www.torrentpower.com નાં રેગ્યુલેટરી સેક્શન પરથી પણ મળી શકશે.

**પ્રતિભાવ રજુ કરવા માટેની માર્ગદર્શિકાઃ**

૮ જીઇઆરસીના નિયમો અનુસાર, આથી જાહેર સૂચના આપવામાં આવે છે કે ઉપરોક્ત અરજી સામે જે કોઇપણ વ્યકિતને પોતાના વાંધા/સૂચનો રજુ કરવમાં રસ હોય તેઓએ પોતે જેનો આધાર લેતા હોય તે દસ્તાવેજો સાથેની પોતાની અરજી, પાંચ સેટમાં, તેમજ તેના ટેકામાં આવશ્યક એફિડેવિટ સાથે, સેક્રેટરી, ગુજરાત વીજનીયમન પંચ, છઠો માળ, ગીફ્ટ વન, રોડ ૫ સી, ઝોન ૫, ગીફ્ટ સીટી, ગાંધીનગર ૩૮૨ ૩૫૫ ને તા. ૧૦મી ફેબ્રુઆરી, ૨૦૧૮ના રોજ કે તે પહેલા મળી જાય તે રીતે મોકલી આપવાની રહેશે અને તેની એક નકલ નીચે સહી કરનારને પણ મોકલવાની રહેશે.

**ટોરેન્ટ પાવર લીમીટેડ**
"સમન્વય", ૬૦૦, તપોવન,
આંબાવાડી, અમદાવાદ ૩૮૦ ૦૧૫
CIN : L31200GJ2004PLC044068

**ટોરેન્ટ પાવર લીમીટેડ**
સહી/-
**વાઇસ પ્રેસીડન્ટ (કોર્પોરેટ અફેર્સ)**

**તા.: ૧૦મી જાન્યુઆરી, ૨૦૧૮**

Size: 24 cm (w) x 39 cm (h)_Ahd